सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | 13 - 10 - 2022 | | |
| રજી. તારીખ | 13 - 10 - 2022 | | |
| ફૈંસલ તારીખ | 07 - 07 - 2025 | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | 02 | 08 | 25 |

## <u>પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ – સાવરકુંડલા.</u>

**<u>ફોજદારી કેસ નં :– ૨૫૦૭/૨૦૨૨</u>**
**<u>આંક :– ૩૫</u>**

**<u>ફરિયાદી</u> :–** શ્રી સ ર કા ર.

(સાવરકુંડલા ટાઉન પો. સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૨૨૨૦૫૪૦/૨૦૨૨)

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપી</u> :– (૧)ઇમરાનભાઈ ભીખુભાઈ ભટ્ટી**
ઉ.વ. ૩૩, ધંધો– મજુરી,
રહે. સાવરકુંડલા નુરાનીનગર નેરા વિસ્તાર હુસેની ચોક,
જી. અમરેલી.

**(૨)રહીમભાઈ અહમદભાઈ સૈયદ**
ઉ.વ. ૨૮, ધંધો– મજુરી કલર કામ,
રહે. બગસરા કુકાવાવનું નાકુ નવાજીનપરા, તા. બગસરા,
જી. અમરેલી.

================================== ===============================

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ – ૩૭૯ , ૧૧૪ મુજબ.**

==================================================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.સકસેના
આરોપી તરફે વિ.વ. શ્રી એસ.વાય.ચૌહાણ

==============================================================

## ::– ચુકાદો –::

(૧) આ કામના આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા. ૧૦–૦૭–૨૦૨૨ ના કલાક ૨૨:૩૦ વાગ્યાથી તા. ૧૧–૦૭–૨૨ ના કલાક ૧૦:૩૦ વાગ્યા સુધીમાં સાવરકુંડલા મણીનગરમાં ફરીયાદીના ઘરની બહાર શેરીમાં ફરીયાદીનું મોટર સાયકલ હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ ૨૦૧૭ નું મોડેલ જે કાળા કલરનું લાલ તથા બ્લુ કલરનું પટ્ટાવાળુ જેના ચેસીસ નં. MBLHAR071H5K15239 તથા એન્જીન નં.HA10AGH5K05075 જેના રજી. નં. GJ -14-AM-2079 જેની કિમંત રૂા.૨૮,૦૦૦/– નું કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ. જેથી ફરિયાદીએ આરોપીઓ સામે સાવરકુંડલા ટાઉન પો. સ્ટે.માં ફરીયાદ આપતા તે ફરીયાદ પાર્ટ એ ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૨૨૨૦૫૪૦/૨૦૨૨ થી નોંધવામાં આવેલ હતી.

(૩) આ કામે આરોપીઓ વિરૂઘ્ધ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ હતું.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતા, તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. આરોપીઓ સામે આંક–૧૨ થી તહોમતનામુ ફરમાવતા, આરોપીઓની પ્લી આંક–૧૩ થી ૧૪ સુધી નોંધતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ હતો, જેથી આરોપીઓ સામે ઈન્સાફી

કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૫) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે:

<u>મૌખિક પુરાવો</u>

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી– સોહીલભાઈ અહમદભાઈ સૈયદ | ૨૯ |
| ૨. | પંચ સાહેદ– અવેશભાઈ દિલાવરભાઈ સૈયદ | ૩૧ |

<u>દસ્તાવેજી પુરાવો</u>

| ક્રમ | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૩૦ |
| ૨. | મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામુ | ૩૨ |

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા વધુ પુરાવો રજુ ન કરવા મતલબની મૌખિક વિનંતી તથા મુળ ફરીયાદી તરફે આંક –૩૪ થી કલોઝીગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

(૭) ત્યાર બાદ ફરિયાદપક્ષે ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ. સકસેના તથા આરોપીઓ તરફે વિ.વ. શ્રી એસ.વાય.ચૌહાણની દલીલો સાંભળવામાં આવી.

(૮) આ કેસની હકિકતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: <u>મુ દ્દા</u> ::

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકિકત પુરવાર કરી શકે છે કે, આ

કામના આરોપીએ તા.૧૦–૦૭–૨૦૨૨ ના કલાક ૨૨:૩૦ વાગ્યાથી તા. ૧૧–૦૭–૨૨ ના કલાક ૧૦:૩૦ વાગ્યા સુધીમાં સાવરકુંડલા મણીનગરમાં ફરીયાદીના ઘરની બહાર શેરીમાં ફરીયાદીનું મોટર સાયકલ હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ ૨૦૧૭ નું મોડેલ જે કાળા કલરનું લાલ તથા બ્લુ કલરનું પટ્ટાવાળુ જેના ચેસીસ નં. MBLHAR071H5K15239 તથા એન્જીન નં. HA10AGH5K05075 જેના રજી. નં. GJ -14-AM-2079 જેની કિમંત રૂા.૨૮,૦૦૦/– નું કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુન્હો કરી, તમો આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

મુદ્દા નં.૧ :–નકારમાં

મુદ્દા નં.૨ :–આખરી હુકમ મુજબ

:: <u>કા ર ણો</u> ::

**(૧૦)** ફરીયાદપક્ષે ઈ.પી.કો. કલમ–૩૭૯, તથા ૧૧૪ મુજબનું તહોમત આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ છે ત્યારે તેના આવશ્યક તત્વો જોવા જરૂરી છે જે નીચે મુજબ છે.

**(૧૧) <u>ઈ.પી.કો.કલમ–૩૭૯</u>–**

(૧)જંગમ મિલકતની ચોરી થઈ, આ જંગમ મિલકત કોઈ વ્યકિતના કબજામાં હતી,

(૨) આ જંગમ મિલકત તે વ્યકિતના કબજામાંથી ખસેડવામાં આવી,

(૩)આ જંગમ મિલકત ખસેડવા માટે તેના માલિક અથવા કબજેદારની

સંમતિ ન  હતી,

(૪) આવું કૃત્ય અપ્રમાણિકપણે કરવામાં આવ્ય હતુ.

તેમજ પુરાવાની ચર્ચા કરતા પહેલા સદર કલમના આવશ્યક તત્વો ઘ્યાને લેતા

**(૧૨)** હાલના કામે આ કામના આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો. કલમ–૩૭૯ તથા ૧૧૪ અન્વયેનો આક્ષેપીત ગુનો છે ત્યારે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ–૩૭૮ ને ઘ્યાને લેતા '' કોઈ પણ વ્યકિત બીજી વ્યકિતના કબજામાંથી તેની સમંતી વગર કોઈ જંગમ મિલકત અપ્રમાણીકપણે લઈ લેવાના ઈરાદાથી ખસેડે તો તેને ચોરી કહેવાય. આમ, ચોરી કરવામાં મહત્વનો ભાગ વ્યકિતમાં રહેલ અપ્રમાણીકતાનું તત્વ ભજવી જાય છે. આ કલમમાં માત્ર જંગમ મિલકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. કારણ કે જંગમ મિલકત એવી છે કે તેને ચોરી શકાય છે. પરંતુ સ્થાવર મિલકત ખુચવીને લઈ જઈ શકાતી નથી કે ઉઠાવી શકાતી નથી. આમ, સદરહુ કલમના આવશ્યકતત્વોને ઘ્યાને લેતા ચોરાયેલી મિલકત કોઈ વ્યકિતના કબ્જામાં હોય અને તેના કબજામાંથી તેને અપ્રમાણીકપણે ખસેડવામાં આવે અને આવુ કૃત્ય કબજેદારની સંમતી વગર કરવામાં આવે ત્યારે ચોરીનો ગુનો ગણાય છે. નામ. સર્વોચ્ચ અદાલતે  મહારાષ્ટ્ર રાજય વિ. વિશ્વનાથ તુકરામ એ. આઈ.આર. ૧૯૭૯, સર્વોચ્ચ અદાલત, ૧૮૨૫ તથા  કે. એન. મહેરા–વિ–રાજસ્થાન રાજય એ. આઈ. આર. ૧૯૫૭, સર્વોચ્ચ અદાલત, ૩૬૯ ના  ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,  ''ચોરીના ગુન્હામાં જંગમ મિલકતનું સ્થળાંતર થવુ તે એક આવશ્યક તત્વ છે. માત્ર સદોષ લાભ અને સદોષ હાનિ થાય તે પુરતુ નથી, પરંતુ આ કલમનું મહત્વનું તત્વ અપ્રમાણિકપણે કરવામાં આવેલ ચોરી છે અને તેથી અપ્રમાણીકપણે ચોરી કરવામાં આવી છે તે હકીકત પુરવાર કરવી જોઈએ. ''

**(૧૩)** આ કામે ફરીયાદી– સોહીલભાઈ અહમદભાઈ સૈયદ આંક–ર૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તેઓ તા. ૧૦–૦૭–ર૨ ના રોજ તેમના મિત્રો મણીનગર ધોબી શેરીમાં બેઠા હતા. ત્યારબાદ તેઓ મોટર સાયકલ જેનો રજી. નં.

જી.જે.–૧૪–એ.એમ. ૨૦૭૯ લઈ ઘરે ગયેલા અને શેરીમાં પાર્ક કરેલ અને સુઈ ગયેલ. સવારે તા. ૧૧–૦૭–૨૨ ના રોજ મોટર સાયકલ જોવા મળેલ નહી. જેથી મોટર સાયકલની કોઈ ચોરી કરી લઈ ગયેલ હોય જે સબંધે સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. માં ફરીયાદ આપેલી જેની ખરી નકલમાં તેમની સહી ઓળખી બતાવી આંક –૩૦ થી રજુ કરેલ છે.

**(૧૩.૧)** સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોનું સમર્થન કરતા ન હોય વિ. એ. પી. પી. શ્રીની મૌખીક વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૩.૨)** સદર ફરીયાદીની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓની મોટર સાયકલ કોણ ચોરી ગયેલ તેની તેમને જાત માહીતી નથી. તે વાતનો પણ સ્વીકાર કરે છે કે, કોણે ચોરી કરી તેની તેઓને કોઈ શંકા કે વહેમ નથી.

**(૧૪)** આ કામે ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ પંચ સાહેદ–અવેશભાઈ દિલાવરભાઈ સૈયદની આંક–૩૧ ની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેઓ પંચનામાને સમર્થનકારી પુરાવો આપતા ન હોય અને માત્ર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવે છે. જેથી સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરેલ પરંતુ તેઓની ઉલટ તપાસમાં પણ આંક–૩૨ ના પંચનામાને સમર્થનકર્તા કોઈ વિગત બહાર આવેલ ન હોય સદર પંચ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષે મદદરૂપ થતો નથી.

**(૧૫)** આમ, હાલના કામે ફરીયાદપક્ષ દવારા પંચ સાહેદ–અવેશભાઈ દિલાવરભાઈ સૈયદની આંક –૩૧ થી તપાસેલ છે. સદરહુ પંચ સાહેદએ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં હાલના કામે આંક–૩૦ થી રજુ થયેલ ફરીયાદ જોતાં આરોપીઓ ઉપર મોટર સાયકલ ચોરી કરેલાનો આક્ષેપ છે પરંતુ આ કામે તપાસેલ ફરીયાદી સોહીલભાઈ અહમદભાઈ સૈયદને આંક –૨૯

થી તપાસેલ પરંતુ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય અને વિ. એ. પી. પી. શ્રી ની ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી તેમજ તેમની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો મોટર સાયકલ કોણ ચોરી લઈ ગયેલ તેની તેઓને જાત માહીતી ન હોવાનું જણાવેલ છે અને તેઓને કોઈ ઉપર શંકા કે વહેમ નથી તેવુ પણ જણાવેલ છે. હાલના કામે ફરીયાદપક્ષ દવારા કોઈ સમર્થનકારી ઠોસ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ તપાસ એજન્સી દવારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે તથા તેઓ દવારા ઉલટ તપાસમાં કબુલ કરવામાં આવેલ ફરીયાદ સંદર્ભની હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષ દવારા મોટર સાયકલ કે જે એક જંગમ મિલકત હોય અને આ એક જંગમ મિલકત અપ્રમાણીકપણે આરોપીએ ભોગબનનારના કબજામાંથી ખસેડેલ હતી અને તે વ્યકિત તેની માલીકી અને કબજેદાર હતી તેમજ તેની સંમતી તે કૃત્યમાં ન હતી. આમ, કહેવાતી મોટર સાયકલની ચોરી કે જે જંગમ મિલકત હોય તે સાબીત કરેલ છે. પરંતુ ફરીયાદી ખુદ પોતાની સોગંદ પરની જુબાનીમાં આરોપીએ તેમના મોટર સાયકલની ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા ન હોય તથા તેઓને આરોપી ઉપર કોઈ શંકા પણ ન હોવાનું જણાવેલ છે. આમ, ખુદ ફરીયાદી આરોપીએ કોઈ ચોરી કરેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય તેવા સંજોગોમાં આરોપીએ ગુન્હો કરેલ હોવાનું સાબીત થતુ નથી. આમ આ હકીકતને ધ્યાને લેતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુના સંદર્ભે એક વ્યાજબી શંકા ઉદભવે છે. આમ, ફરીયાદીની જુબાની ઉપર સંપુર્ણપણે આધાર રાખી શકાય તેમ નથી તેમજ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. આમ ફરીયાદી તથા પંચ સાહેદનો પુરાવો જોતાં આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ઈ.પી.કો.કલમ–૩૭૯ તથા ૧૧૪ ના આવશ્યક તત્વો પુરવાર થતા નથી.

**(૧૬)** આમ, રેકર્ડ પર પડેલ તમામ પુરાવાને ધ્યાને લેતાં આ કામે આરોપીઓ સામે ૩૭૯ તથા ૧૧૪ મુજબના આક્ષેપિત ગુન્હો પુરવાર થઈ

શકેલ નથી અને તેથી વિરુધ્ધનું તહોમતનામુ પુરવાર થઈ શકેલ નથી અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી છે અને **નામદાર સર્વોચ્ચ અદાલતે જગાસિંઘ વિ. પંજાબ એ.આઈ.આર ૧૯૯૫ સુ. કો. ૧૩૫** ના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર શંકા આખરે એ શંકા છે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતીનું સ્થાન લઈ શકે નહીં,અને તેથી હાથ ઉપરના કેસમાં પણ આરોપીઓની ગુન્હાહિત આક્ષેપોમાં સંડોવણી હોવા બાબતે એક સામાન્ય ડાહ્યા માણસને ઉપજે તેવી વ્યાજબી શંકા ઉપજેલી છે તેથી ભારતીય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીઓને આપવો ન્યાયોચિત જણાય છે.

**(૧૭)** ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આ કામના ફરીયાદી પોતાના પુરાવામાં તેઓની મોટરસાયકલ શેરીમાં પાર્ક કરેલ હતી તે કોઈ ચોરી કરી ગયેલ હતુ તેવો પુરાવો રજુ કરે છે. તે જોતાં આ કામના ફરીયાદીની બાઈક ચોરી થયેલ હતી તેવુ માની શકાય. પરંતુ આ કામના ફરીયાદીના પુરાવામાંથી તેઓની બાઈક હાલના આરોપીઓએ ચોરી કરેલ હતી અને તેઓ પાસેથી આ ચોરાયેલ બાઈક કબજે થયેલ હતી તેવી હકીકતો ફલિત થયેલ નથી. આમ, હાલના આરોપીઓ વિરૂધ્ધ કોઈ સીધો પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. વધુમાં સદર કામે ફરીયાદી સિવાય અન્ય કોઈ પણ સ્વતંત્ર સાહેદોનો પુરાવો આ કામે રજુ રાખેલ નથી કે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના ફરીયાદીને તેઓની ચોરાયેલ બાઈક પરત મળી ગયેલ છે. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

**(૧૮)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીઓને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ઉપસ્થિત મુદા નં.૧ તથા ૨ નો જવાબ

નકારમાં ઠરાવી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:(આખરી હુકમ):-**

૧. આ કામના આરોપી**(૧)ઈમરાનભાઈ ભીખુભાઈ ભટ્ટી,** રહે. સાવરકુંડલા નુરાનીનગર નેરા વિસ્તાર હુસેની ચોક, જી. અમરેલી.**(૨)રહીમભાઈ અહમદભાઈ સૈયદ,** રહે. બગસરા કુકાવાવનું નાકુ નવાજીનપરા, તા. બગસરા, જી. અમરેલીને સી.આર.પી.સી.ની કલમ-૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯ તથા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે પોલીસે કબજે કરેલ મુદામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમી કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭ (એ) ની સુધારેલી જોગવાઈ મુજબ ૬ માસ માટે દરેક આરોપીના રૂા. ૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજારપુરા ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાના રહેશે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે-જુલાઈ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

તારીખ: ૦૭-૦૭-૨૦૨૫
સ્થળ : સાવરકુંડલા

( મસ્કુ રૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ )
પ્રિ.સીની.સીવીલ જજ અને અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ,
તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

(UIC CODE NO : GJ01236)CC No.